ગાંધીનગર સમાચાર
તા. ૬-૧૨-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

જૂની 'જનતા' નો સંઘ કાશી પહોંચશે?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય રાજકારણની એક ઐતિહાસિક ઘટના બની ચૂક્યા છે. એમનો દબદબો રાજય સ્તરેથી લઇ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણ પર્યંત વિસ્તરી ચૂક્યો છે. કૉંગ્રેસ જેવી એકસો ત્રીસ વર્ષ જૂની રાષ્ટ્રીય પાર્ટીને જળમૂળમાંથી ઉખાડી નાખવાના સંકલ્પ સાથે રાષ્ટ્રીય રાજકારણના ફલક પર ધબડાટી બોલાવી દેનાર મોદી પ્રાદેશિક રાજકીય પરિબળો માટે પણ મોટું જોખમ બની રહ્યા છે. લોકસભા અને તે પછી કેટલાંક રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં મોદીનો જાદુ છવાયેલો રહ્યો છે. આથી કૉંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોને એમના અસ્તિત્વ સામે ખતરો વરતાઇ રહ્યો છે. પંડિત જવાહરલાલ નહેરુની સવાસોમી જયંતી પ્રસંગે બિનસાંપ્રદાયિક પાર્ટીઓના નેતાઓને એક મંચ પર ભેગા કરીને કૉંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મોદી વિરૂદ્ધ મોરચો રચવાનો સંકેત પાઠવી જ દીધો હતો. એ દિશામાં ક્યારેક કૉંગ્રેસને રાષ્ટ્રીય ફલક પર શિકસ્ત આપનાર જનતાદળના ઘટક પક્ષોએ પણ હવે પોતપોતાની વેરવિખેર થઇ ગયેલી તાકાત એકઠી કરીને મોદી સામે શિંગડાં ભરાવવાનો વ્યૂહ ગોઠવવા માંડ્યો છે. જયપ્રકાશ નારાયણ જેવા નિઃસ્પૃહ સમાજવાદી નેતાની છત્રછાયા હેઠળ ચરણસિંહ જેવા પ્રખર કિસાન નેતા તથા લોહિયાવાદીઓ એકત્ર થયા હતા. પાછળથી એમની સાથે જૂના તથા સ્વતંત્ર પક્ષ, જનસંઘ અને કૉંગ્રેસના અસંતુષ્ટો પણ ભળ્યા હતા. ઇંદિરા ગાંધીએ એમને રાજકીય રંગમંચ પરથી હટાવવા મેદાને પડેલ જનતા પાર્ટીને ડુંગળીનાં દડા સાથે સરખાવી હતી. બહુ જ ટૂંકા ગાળામાં ડુંગળીનાં પડ નોખાં પડી ગયાં હતા. જનતાદળના એ જુદા પડી ગયેલાં ભગ્નાવશેષો જ આજે મુલાયમસિંહના નેતૃત્વ હેઠળ સમાજવાદી પાર્ટી સ્વરૂપે, લાલુ યાદવની જનતા દળ (યુ) પાર્ટી લેખે અને દેવ ગોવડાના જનતા દળ (એસ) કે ઓમપ્રકાશ ચૌટાલાના ઇન્ડિયન નેશનલ લોકદળ સ્વરૂપે ઓળખાય છે. ચૌધરી ચરણસિંહના સુપુત્ર અજિતસિંહનું રાષ્ટ્રીય લોકદળ તથા ઓડિશાના બિજુ પટનાયકના પુત્ર નવીન પટનાયકના બિજુ જનતા દળ સ્વરૂપે ઓળખાતી પ્રાદેશિક રાજકીય પાર્ટીઓ પણ જૂના જનતાદળના જ ટુકડા છે. આ બધા ફરી એક વાર એક મંચ પર અને એક નેજા હેઠળ ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સર્વોચ્ચ નેતા મુલાયમસિંહ નેતૃત્વ હેઠળ એકઠા થાય એવા પ્રયાસો શરૂ થયા છે. મુલાયમસિંહ અને લાલુ યાદવ વચ્ચે રચાયેલો વેવાઇવળાનો સંબંધ આ રાજકીય સંગઠનની પાયાની ઇંટ બનેલ છે. અજિતસિંહ અને નવીન પટનાયક સિવાયના બધા નેતાઓએ મુલાયમસિંહના નિવાસસ્થાને ભેગા થઇ જૂના જનતા દળને પુનર્જીવિત કરવાનો સંકલ્પ હાથ ધર્યો છે. અન્ય ઘટકો ઉપરાંત ડાબેરીઓને પણ સામેલ કરી મોદી વિરૂદ્ધ પ્રબળ મોરચો રચવાના ખ્યાલ સાથે આ જૂના જોગીઓએ હાથ તો મિલાવ્યા છે, પરંતુ એમનો સંઘ કાશીએ પહોંચશે ખરો? મોદી વિરોધી જેટલાં જ મુલાયમ વિરોધી માયાવતીએ આ સંઘમાં જોડાવાની ના ભણી છે. આ સવાલ તો છેવટ સુધી પુછાતો રહેશે કારણ કે ભૂતકાળમાં ત્રીજો મોરચો રચવાના આ જ નેતાઓના પ્રયત્નને નરી નિષ્ફળતા સાંપડેલી છે. વળી આ આખી કવાયત 'મોદી હટાવો' ના નકારાત્મક લક્ષ્યાંક પર આરંભાઇ હોઇ પ્રજાનો કેટલો સહયોગ સાંપડશે એ પણ પ્રશ્ન છે. બિલાડીના ગળે ઘંટ બાંધવા માગતા ઉંદરોની વાર્તાનું જ પુનરાવર્તન નહીં થાય એની ખાતરી કોણ આપશે?

યુનિસેફના 'વિશ્વના બાળકોની સ્થિતિ પરના અહેવાલ-૨૦૧૫'નું વિમોચન

ગાંધીનગર, તા.૫

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે રાજભવન ખાતે યુનિસેફ દ્વારા તૈયાર કરાયેલ 'વિશ્વના બાળકોની સ્થિતિ પરનો અહેવાલ-૨૦૧૫'નું વિમોચન કર્યું હતું.

યુનિસેફ ગુજરાત દ્વારા આજે યોજાયેલ કાર્યક્રમમાં યુનિસેફના અહેવાલના વિમોચન બાદ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બાળકોના સર્વાંગી વિકાસ માટે આપણે સૌએ સંવેદનશીલ બનવું જોઈએ અને તેમના અધિકારો અને સહભાગીતા પ્રત્યે પણ ચિંતા કરવાની જરુરિયાત છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રાચીન સમયમાં આપણા દેશમાં બાળકોના ઉછેર બાબત ત્રણ મહત્વની અવસ્થાઓ પર વિશષ ધ્યાન આપવામાં આવતું હતું. બાળ અવસ્થાથી કિશોર અવસ્થા સુધીની ત્રણ અવસ્થાઓમાં પાલન પોષણ, બાળકો પ્રત્યે સજાગતા અને તેમની સાથે મિત્રતા પૂર્વકના વ્યવહારને મહત્વ આપવામાં આવતું હતું. ભારતીય દૃષ્ટિકોણમાં આ ત્રણેય અવસ્થાઓમાં અભિવ્યકિત, આત્મિયતા તથા સંવેદનાની પ્રતિતી થાય છે.

તેમણે જણાવ્યું હતું કે બાળકોના વિકાસની ચિંતા કરતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓ તથા સેવાભાવી કાર્યકર્તાઓએ સમાજના નબળા સ્તરના લોકોનાં બાળકો, મંદબુદ્ધિના બાળકો તથા શારીરિક ક્ષતિવાળા બાળકોના વિકાસ માટે સામુહિક પ્રયાસો કરવા જોઈએ, જે આજના સમયની તાતી જરુરિયાત છે. રાજયની ગુજરાત સરકાર દ્વારા તથા સેવાભાવી સંસ્થા થકી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જે સરાહનીય છે.

રાજયપાલશ્રીએ યુનિસેફ કન્વેશનના ૨૫ વર્ષ પૂર્ણ થતાં યુનિસેફ પદાધિકારીઓ તથા કર્મચારીગણને હાર્દિક શુભકામનાઓ આપી હતી.

યુનિસેફ ગુજરાતના શ્રી જેરૂ માસ્ટરજીએ યુનિસેફ દ્વારા ગુજરાતમાં હાથ ધરાયેલ બાળકોના વિકાસ સંબંધી કામગીરીની વિગતો આપી હતી.

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ પંચના અધ્યક્ષાના પ્રો. રામેશ્વરી પંડયાએ રાજયમાં બાળકોના વિકાસ માટેની હાથ ધરાયેલ પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, રાજય સરકારના સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ, સામાજિક કાર્યકર્તાઓ તથા યુનિસેફના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આજે અખિલ ભારત અનુ. જાતિ જનજાતિ માનવ વિકાસ પરિષદની બેઠક

ગાંધીનગર, તા.૫

અખિલ ભારત અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદના નિયામક મંડળના ટ્રસ્ટીઓ અને આજીવન સભાસદોની એક ખાસ બેઠક તા. ૬ઠ્ઠી ડિસેમ્બર શનિવારના રોજ બપોરે ૩ કલાકે યોજાશે. આ બેઠક પરિષદના મુખ્ય કાર્યાલય પ્લોટ નં. ૧૭૫૭/૨, સ્વામિનારાયણ મંદિર પાસે, સે-૨-ડી ખાતે યોજવામાં આવી છે. આ મીટીંગમાં સભાસદ ભાઈઓને સમયસર હાજરી આપવા અનુરોધ કર્યો છે.

સ્વચ્છતા જાળવવા શપથ : સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગરની લિઓ ક્લબ દ્વારા '૫૭માં લિઓ ઈન્ટરનેશનલ ડે'ના દિવસે બોરીજ ગામની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ સાથે મળીને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત શહેરની અન્ય શાળાઓમાં પણ લિઓ ક્લબ દ્વારા આશરે ૧૫૦૦૦ વિદ્યાર્થીઓને સ્વચ્છતા જાળવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મનપાના મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, લાયન્સ પ્રેસિડેન્ટ જસવંતસિંહ રહેવર, લાયોનેસ પ્રેસિડેન્ટ ચંદાબેન યાદવ, લિઓ ચેરમેન રાજગોવડા અને લિઓ પ્રેસિડેન્ટ નિખિલ સોની ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : વિપુલ ચૌહાણ)

અમદાવાદમાં IRIS નેશનલ ફેર-૨૧૦૪નો પ્રારંભ

દેશભરના ૨૦ રાજયોના યુવા વિદ્યાર્થીઓના ૧૦૦ જેટલા પ્રોજેકટસ-સંશોધનોની પ્રસ્તુતિ ૪૧પ્રોજેકટસ કન્યા વિદ્યાર્થીનીઓના

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં યુવાપેઢીના રિસર્ચ-ઈનોવેશન્સને ોત્સાહિત કરવાની રાજય સરકારની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, શાળા-કોલેજોના આ ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓના આવા રચનાત્મક નવિન -યોગો માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને -તિભાવંત યુવા કૌશલ્યના શોધ-સંશોધનોને વૈશ્વિક -તિષ્ઠા અપાવવા છે. શ્રીમતી આનંદીબહેન પટેલે અમદાવાદના સાયન્સ સિટીમાં ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ટેકનોલોજી, ગુજકોસ્ટ અને સાયન્સ સિટી કાઉન્સીલ દ્વારા યોજાઈ રહેલી ત્ય્લ નેશનલ ફેર-૨૦૧૪ ઈનીશ્યેટીવ ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન સાયન્સ -દર્શની અને કાર્યશિબિરનો -રંભ કરાવ્યો હતો.

આ -દર્શની-કાર્યશિબીરમાં ભારતભરના ૨૦ રાજયોની વિવિધ શાળાઓના ૨૦૦ યુવા છાત્રો ભાગ લઈ વિજ્ઞાનના ક્ષેત્રની વિવિધ ૧૭ કેટેગરીઝમાં ૧૦૦ જેટલા ઉત્કૃષ્ટ ોજેકટસ -સ્તુત કરવાના છે. આ ોજેકટસમાં ૪૧ જેટલા ોજેકટસ કન્યા વિદ્યાર્થીનીઓ દ્વારા -સ્તુત થવાના છે.

આ સ્પર્ધા માટે આવેલી ૧૦ હજાર ઉપરાંત એન્ટ્રીઝ પૈકી પસંદ થયેલા સંશોધનો-ઈનોવેશન્સનું -દર્શન પણ યોજાઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે બાળકો સાથે સહજ સંવાદ સાધીને વિદ્યાર્થીઓના -શ્નોના ઉત્તરો આપી તેમની જિજ્ઞાસા સંતોષી હતી.

શ્રીમતી આનંદીબહેને વિદ્યાર્થીઓને સખત મહેનત, લગની અને સ્વાસ્થ્ય-દ જીવનશૈલીથી અભ્યાસમાં રસ-રૂચી દાખવી ઉત્કૃષ્ટતા -પ્ત કરવાનું ોરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્વયં ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષિકા અને શાળા આચાર્યા તરીકે આ વિષયોને રસ-દ બનાવવાના પોતાના સ્વાનુભવો અને -વર્તમાન વિષયવસ્તુમાં આવેલા સમયાનુકુલ બદલાવની તલસ્પર્શી છણાવટ કરી ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન-વિજ્ઞાનનો અભિગમ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સાથેની વિદ્યાર્થીઓની -શ્નોત્તરીમાં મહિલા મુખ્યમંત્રી તરીકે સતત કાર્યરત રહેવાની શકિત-જી કઈ રીતે મળે છે તેવા સવાલના સહજ સરળ ઉત્તરમાં નાનપણથી જ પોષણયુકત અને શુધ્ધ-આહાર, સુટેવો, સમયપાલન તથા રમત-ગમત -ત્યેની રૂચિથી થયેલું જીવન ઘડતર જીસ્ત્રોત છે તેની ઉદાહરણ સાથે ભૂમિકા આપતાં સૌ બાળકોને તેમણે અનોખી ોરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે શોધ-સંશોધન અને અભ્યાસ સાથે બાળકોને સ્વચ્છતા-સફાઈ તેમજ જરૂરતમંદને મદદ સહાય જેવાં સેવા કાર્યોને પણ અહેમિયત આપવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે ઈન્ટેલ ઈન્ડીયાના અધ્યક્ષા કુમુદ શ્રીનિવાસ, ભારત સરકારના વિજ્ઞાન ોદ્યોગિક વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. સીંગ, ગુજરાતના સાયન્સ ટેકનોલોજી સચિવશ્રી હૈદર તેમજ ભારત-ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ત્ય્લ ના આયોજકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે મહાત્મા મંદિર ખાતે બાયો ઈન્વેસ્ટર ઈન ગુજરાત : બાયોટેકનોલોજી થકી માનવજીવન સમૃદ્ધિ કાર્યક્રમ યોજાશે

૧૬ જેટલા બાયોટેકનોલીજી કંપની તથા અન્ય ૧૦૦થી વધુ કંપનીની ભાગીદારી

ગાંધીનગર, તા.૫

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૫ના ભાગરૂપે રાજય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળના ગુજરાત રાજય બાયોટેકનોલોજી મિશન તથા એસોશીએશન ઓફ બાયોટેકનોલોજી હેડ એન્ટરપ્રાઇઝ (એબલ), ઈન્ડસ્ટ્રીયલ એક્ઝિબીશન બ્યુરો(ઈન્ડેક્ષ-બી) અને વાયબ્રન્ટ ગુજરાત નોલેજ પાર્ટનર દ્વારા આજે તા. ૬ ડિસેમ્બર,૨૦૧૪ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે બાયો ઈન્વેસ્ટ ઈન ગુજરાત બાયો ટેકનોલોજી થકી માનવજીવન સમૃદ્ધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિજ્ઞાન પ્રૌદ્યોગિકી વિભાગના રાજયકક્ષાના મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ કરશે.

આ પ્રસંગે પ્રો.ડૉ. હેન્સ સોન્ડરલુન્ડ, ફિનલેન્ડ પ્રો.સર જહોન બર્ન, યુ.કે. ડૉ. કેનીચી એરાઇ, જાપાન, પદમશ્રી ડૉ. આનંદ ચક્રવર્તી જેવા વિષય નિષ્ણાંતો તથા શ્રી એસ.રાઘવન, સંયુકત સચિવ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, ભારત સરકાર, ડૉ. એચ.કે.મિત્તલ, અધ્યક્ષ, રાષ્ટ્રીય સંશોધન અને તકનિકી વિકાસ બોર્ડ, ડૉ. કે.સી.બંસલ, નિર્દેશક એન. બી. પી. જી. આર., દિલ્હી જેવા નીતિ નિર્ધારકો હાજરી આપશે.

આ એક દિવસીય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં નાણાં, બજાર, ખાનગી ક્ષેત્ર, વેન્ચર ફંડ મેનેજર, બેન્ક રોકાણકારો, વિવિધ બાયોટેકનોલોજી કંપનીના પ્રતિનિધિઓ, રાજયના પ્રતિનિધિઓ તથા સલાહકારો ઉપસ્થિત રહેશે.

આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં ૧૬ જેટલી બાયોટેકનોલોજી કંપનીઓની ચર્ચા તથા અન્ય ૧૦૦ થી વધુ કંપનીની ભાગીદારી રહેશે. આ માટે ગુજરાત તથા ગુજરાત બહારના ૫૦ થી વધુ બાયોટેકનોલોજી ઉદ્યોગ સાહસિકો, ૧૦૦ થી વધુ સંશોધકો, શિક્ષણવિદો, નાણાં સલાહકારો અને તેમના પ્રતિનિધિઓ હાજર રહેશે.

આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાગ લેનારા ચિકિત્સા ક્ષેત્ર, કૃષિક્ષેત્ર, નવી તકનિકો જેવા વિષયોની ચર્ચા કરશે. જેમાં રાજય સરકારના પ્રતિનિધિઓ, બાયોટેકનોલોજી ઉદ્યોગના પ્રતિનિધિઓ, સંશોધકો, શિક્ષણવિદો, ખાનગી મૂડી રોકાણકારો જેવા ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ પ્રસંગ ગુજરાત રાજય બાયોટેકનોલોજી મિશન દ્વારા તૈયાર કરાયેલ કંપેડીયમ ઓફ બાયોટેકનોલોજી ઓર્ગેનાઈઝેશન ઈન ગુજરાત, એનાલિટીકલ રીપોર્ટ ઓન બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી, ડિરેકટર ઓફ બાયોટેકનોલોજી એન્ડ લાઈફ સાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઈન ગુજરાત, કયુરીયશ કિડઝ ઈન ધ વન્ડર વર્લ્ડ ઓફ બાયોટેકનોલોજી ઈક્વિપમેન્ટ જેવા પ્રકાશનો રીલીઝ કરાશે.

હરિની દૃષ્ટિ...



ચાલ ભાગ..., આ બંને બહેનો 'સન્માન'ની વાત કરે છે... ક્યાંક એ હરિયાણાની જેમ આપણને માર મારી સન્માનનો પ્લાન ન કરતી હોય!!

મુખ્યમંત્રીશ્રી આજે કચ્છમાં રણોત્સવ-૨૦૧૪નું ઉદ્ઘાટન કરશે

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ શનિવાર તા. ૬ ડિસેમ્બરે સવારે અમદાવાદની સિવીલ હોસ્પિટલથી રાજયવ્યાપી આરોગ્ય ધામો-આરોગ્ય કેન્દ્રોની સ્વચ્છતા સફાઇ અભિયાનનો -રંભ કરાવશે.

શ્રીમતી આનંદીબહેન તે સાથે જ યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટના પીડીયાટ્રીક કાર્ડીયોલોજી વિભાગના રૂા. ૧૭૦ કરોડના ખર્ચે નવા નિર્માણ થનારા ભવનનો શિલાન્યાસ પણ કરવાના છે અને અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં રૂા. ૯૫ લાખની કિંમતે વસાવાયેલા અદ્યતન ઈલેકટ્રોન માઈક્રોસ્કોપની લોકાર્પણ વિધિ પણ તેઓ કરશે.

મુખ્યમંત્રીશ્રી શનિવારે બપોરે કચ્છમાં ધોરડો પહોંચશે અને -વાસન-સાંસ્કૃતિક ઉત્સવ રણોત્સવ-૨૦૧૪નું ઉદ્ઘાટન કરશે.

ગાંધીનગર ખાતે રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૫

માતૃભાષા અભિયાન, અમદાવાદ દ્વારા માતૃભાષાના ગૌરવ અને સારા સાહિત્યના વાંચન-પ્રસારના હેતુથી ગુજરાતનાં વિવિધ શહેરોમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગાંધીનગર ખાતે છેલ્લા એક વર્ષથી નિયમિતપણે પુસ્તક પરબ યોજવામાં આવે છે.

ડિસેમ્બર-૨૦૧૪ મહિનાની પુસ્તક પરબનો કાર્યક્રમ તા. ૭-૧૨-૨૦૧૪ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૦૦ કલાકે ઘ-૪ સર્કલ પાસે, ઉદ્યોગ ભવન નજીક, ગાંધીનગર ખાતે યોજાનાર છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર મુલાકીતઓ-પુસ્તકપ્રેમીઓને ઉપલબ્ધ પુસ્તકોમાંથી બે પુસ્તક ભેટમાં આપવામાં આવે છે. ઉપરાંત ઉપલબ્ધ સામયિકોમાંથી મુલાકાતીઓ સામયિકો પણ લઈ જઈ શકે છે. ગાંધીનગરમાં યોજાતી પુસ્તક પરબમાં દર મહિને અંદાજે ૧૦૦ ઉપરાંત પુસ્તક રસિકો મુલાકાત લઈ પુસ્તક ભેટમાં મેળવે છે.

ગાંધીનગરના સહુ ભાવકોને પુસ્તક પરબની મુલાકાત લેવા માતૃભાષા અભિયાન અને આત્મન્ ફાઉન્ડેશન તરફથી નિમંત્રણ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, આશા સરવૈયા, મૂળજીભાઈ પરમાર, ભરત પાઠક, સંજય થોરાત, કિશોર જિકાદરા, દક્ષાબેન ભાવસાર વગેરે પુસ્તક પરબ માટે સહયોગી ભૂમિકા ભજવે છે.

જે.એમ. ચૌધરીની બાળાઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૫

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ધો-૧૧ અને ૧૨ની વિદ્યાર્થીનીઓ શૈક્ષણિક હેતુસર નવા બેટ, પાટણ, વડનગર જેવા ઐતિહાસિક સ્થળો, વટાણા, કુણઘેર જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. પાટણમાં રાણકી વાવ, સહસ્ત્ર લિંગ તળાવ, વડનગરમાં તાના રીરી સમાધિ, શર્મિષ્ઠા તળાવ, કિર્તી તોરણ, હાટકેશ્વર મહાદેવ જેવા શિલ્પ સ્થાપત્ય નિહાળ્યા હતા. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીની રાહબરી નીચે ૧૦૫ વિદ્યાર્થીનીઓ પ્રવાસમાં જોડાઈ હતી. પ્રવાસનું આયોજન સંચાલન શ્રી લીલાબેન ચૌધરીએ કર્યું હતું.

સંન્યાસી કરતાં સંસારી જ મહાન છે!

ચિંતનસભા
- રોહિત શાહ

ઘણા વખત પછી એક નિખાલસ સાધુનું વ્યાખ્યાન સાંભળવાનો મોકો મળ્યો. માટ ભાગના સાધુઓ આત્મજ્ઞાનનો આડંબર ચરકનારા, કર્મવાદના બહાને કારોબાર કરનારા અને મોક્ષનાં મલ્ટીકલર્ડ ખ્વાબ પીરસનારા સોદાગરો હોય છે. કોઈ સાધુ વ્યાખ્યાન આપે ત્યારે તેના અવાજનો રણકો કેવો છે એ પારખતાં આવડવું જોઈએ. ખોટા માણસો બુલંદ સ્વરે બોલતાં હોય છે. અવાજ ગમે એટલો બુલંધ હોય છતાં એનો રણકો બોદો હોય એવા સાધુને સો ગજ દૂરથીય વંદન નહિ કરવામાં આપણું કલ્યાણ છે. દરેક વેશધારી સાધુનાં ચરણોમાં આળોટવા મંડી પડવું એ તો મૂર્ખાઈની પરાકાષ્ઠા છે.

હા, હું જે સાધુના વ્યાખ્યાનની વાત કરી રહ્યો છે એ અત્યંત પારદર્શક હતું. તેમને પ્રારંભમાં જ કહી દીધું કે 'અમે સાધુઓ હંમેશા એક ભ્રાંતિ ફેલાવીએ છીએ અને તમે સંસારીઓ એ ભ્રાંતિને બંને હાથે મજબૂત રીતે પકડીને દોડો છો. ભ્રાંતિ એ છે કે સાધુ મહાન છે અને સંસારી અધમ છે. સત્ય એ છે કે સાધુ કરતાં સંસારી દરેક બાબતે ચડિયાતો છે!' - એ વ્યાખ્યાનમાં તદ્દન અવળવાણીનો ધોધ વહેવાનો શરૂ થયો. એ વ્યાખ્યાનની ચપટી પ્રસાદી તમે પણ લો -

'અમે હંમેશા કહીએ છીએ કે સંસાર દુઃખમય છે. સંસાર હોય ત્યાં સંતાપ અને સંઘર્ષ હોય. સંસારમાં સ્વાર્થના સંબંધો છે. સંસારમાં એક પણ વ્યક્તિ સંપૂર્ણ સુખી નથી. માટે એમ કહેવું છે કે દુઃખમય અને સંઘર્ષપૂર્ણ સંસારથી દૂર ભાગી જનારાને તમે મહાન કહેશો કે પછી એ બધી પરિસ્થિતિઓ સામે મક્કમતાપૂર્વક ઝઝૂમનારને મહાન કહેશો? જે માણસ ભાગેડુ છે, પલાયનવાદી છે, ડરપોક બનીને દોડી જનારો છે તેનો જયજયકાર કરવાનો અને જે માણસ પુરૂષાર્થી છે, પરાક્રમી છે, સ્વાવલંબી છે તેને પાપી કહીને તિરસ્કારવાનો? યુદ્ધમાં કોણ વીર છે એ જાણવું હોય તો કોના શરીર પર અધિક જખમો છે એ જોવું પડે. સાવ સુરક્ષિત રહીને કાયરની જેમ લપાઈ-છુપાઈ બેઠેલા માણસને વીર ન કહેવાય. અમે સાધુઓ સંસારના યુદ્ધથી પલાયન થઈ ગયેલા કાયર છીએ અને બહારથી ભલે સુરક્ષિત દેખાઈએ, પરંતુ આશ્રમ અને ઉપાશ્રયમાં લપાઈ-છુપાઈને બેઠેલા ડરપોક લોકો છીએ!'

અમે લોકો એક બીજું જૂઠાણું એ ફેલાવતા રહ્યા છીએ કે સંસારમાં સંબંધો મિથ્યા છે, ફોગટ છે. જે મા-બાપે આપણને આ ધરતી પર અવતરવાનું કામ કર્યું, જેમણે આપણું જતન કરીને ઉછેર્યા, જેમને હંમેશા આપણા સુખ માટે હજારો સંઘર્ષ વેઠયા તે મા-બાપ સાથેનો સંબધ કઈ રીતે મિથ્યા હોઇ જ શકે? જે પત્ની અને પતિ પ્રકૃતિનાં રસ-રહસ્ય અખંડ રાખીને સંસારનો ક્રમ આગળ ચલાવે છે, જે મિત્રો આફતની પળે પડખે રહે છે, જે સંતાનો પાછલી વયે આપણો હૂંફાળો ટેકો બને છે - એ સૌ સાથેના સંબંધોને મિથ્યા કઈ રીતે કહી શકાય? અમે લોકોને તમારા મીઠા-મધુરા સંબંધોમાં વખ ઘોળવાનું પાપ કર્યું છે, તમારા સાચા સંબંધોને અમે ખંડિત કરાવ્યા છે. તમે સંસારીઓ ભોળા છો. અમારા ગુરુ-શિષ્યના સંબંધોનાં બખડજંતરો વિશે ન તમે જાણો છો, ન વિચારો છો. અમારા આધ્યાત્મિક કહેવાતા સંબંધો તમારા સાંસારિક સંબંધો કરતાં વધુ કલંકિત અને પ્રદૂષિત હોય છે.

અમે કર્મ અને કર્તવ્યની ડંફઆસો મારીએ છીએ, પરંતુ હકીકતમાં અમે તમારા પરસેવાની રોટી ખાઈએ છીએ. અમે તો બે ટંકની અમારા પૂરતી ભોજનવ્યવસ્થા પણ કરી શકતા નથી. પશુઓય પેટપોષણ જેટલો પુરુષાર્થ તો કરે છે. અમારે પચાસ પૈસાનું એક પોસ્ટકાર્ડ જોઈતું હોય તો પણ સંસારીજનોની ગરજ રાખવી પડે છે. અમારે તો તદ્દન પરાવલંબી જીવન જીવવાનું હોય છે. તમે જ કહો, સ્વાવલંબી જીવન ચડિયાતું કે પરાવલંબી?

તે સાધુએ એક માર્મિક વાત એ પણ કહી કે 'જે સેવા કરે તે મહાન ગણાય. અમારે સાધુઓએ તો કોઈની સેવા કરવાની હોતી જ નથી. સંસારીઓ જાતજાતની માનવસેવાનાં સત્કાર્યો કરે છે, એટલે તેમની મહાત્મા જ મૂઠી ઊંચેરી ગણાય. અમે તો પરલોકની અને મોક્ષની પુરાવા વગરની વાતો કરીએ છીએ, તમે વર્તમાન જીવનને પુરૂષાર્થ-પરાક્રમથી સુખમય બનાવો છો. અમે કહેવાતાં શાસ્ત્રોની ગોખેલી વાતોનો બકવાસ કરીને જ્ઞાની હોવાનો નર્યો દંભ આચરીએ છીએ, તમે સંસારીઓ પોતાને અજ્ઞાની સમજવાની નમ્રતા બતાવો છો. પુણ્યાત્માના દંભ કરતાં પામરતાની વિનમ્રતા જ ચડિયાતી ગણાય ને!'

છેલ્લે તે સાધુએ કહ્યું કે 'તમે જોજો, કોઈ સાધુને ગરીબ રહેવાનું પસંદ નથી હોતું. તેની પાસે ખાનગી ટ્રસ્ટો અને ફાઉન્ડેશનોનો કરોડોનો કારોબાર ધર્મનના નામે થતો હોય છે. અમે તમારા ઘેર પગલાં કરવાય મફતમાં નથી આવતા. અમારા જન્મોત્સવો-દીક્ષાઉત્સવો તમારા પૈસે ધામધૂમથી ઊજવીએ છીએ અને તમને તમારા જન્મદિવસો ઊજવવાની ના પાડીએ છીએ. અમારા અનુયાયીઓ ભોળા હોય છે, કાં તો ભોટ હોય છે. અમે તેમનું પર્મનન્ટરૂપે શોષણ કરીએ છીએ. અમારા સાધુસમાજની એક સત્ય ઘટના કહું એક અત્યંત શ્રીમંત શ્રાવક બીમાર પડ્યો હતો. મુંબઈની ખૂબ જાણીતી હોસ્પિટલના વીસમા માળે તેને સારવાર માટે દાખલ કર્યો હતો. એક જૈન સાધુ સીડીનાં પગથિયાં ચઢીને એ શ્રીમંત શ્રાવકની ખબરઅંતર પૂછવા પહોંચી ગયા. એ વખતે ઉપસ્થિત શ્રદ્ધાળુ ભક્તો એ સાધુની ખુશામત કરતાં કહેતા હતા કે આ કેવા સંવેદનશીલ મહાત્મા છે! સાધુ હોવાથી પોતે લિફ્ટનો ઉપયોગ ન કરી શકે, તોય છેક વીસમા માળ સુધી પગથિયાં ચડીને આવ્યા અને દર્દીને સાજા થવાની વાસક્ષેપરૂપી આશીર્વાદ આપ્યા!

એ જ હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર, ફર્સ્ટ ફલોર પર કેટલાક ગરીબ અને સામાન્ય સ્થિતિના જૈન દર્દીઓ સારવાર લેતા જ હતા... છતાં પેલા મહાત્મા એમની ખબર પૂછવા કે એમને આશીર્વાદ આપવા નહોતા ગયા અને છેક વીસમા માળે સારવાર લઈ રહેલા શ્રીમંત દર્દીઓ પાસે જવાનો ઉમળકાભર્યો ઉદ્યમ તેમણે કર્યો! સામાન્ય શ્રાવકો પાસેથી તો શો ફંડફાળો મળે? પેલા શ્રીમંત દર્દી પાસેથી તગડાં ડોનેશનની લાલચ મહાત્માને હોય ને! અમારા સાધુસમાજનાં કેટલાંક તિકડમ્ અ